# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

સળંગ અંક : ૯૫૨ • ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહારના પ્રાંગણમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી



વર્ષ ૧૯૪૭, રાત્રીના ૧૨ વાગે જે ધ્વજભૂમિ ઉપર સ્વાતંત્ર્ય વંદના થઇ હતી, તે ભૂમિ ઉપર સતત ૭૮મા વર્ષે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાયો.

ભાવનગરનાં વરિષ્ઠ શિક્ષકશ્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાએલ રાષ્ટ્રવંદના સમારોહ ક્રીડાંગણના તાલીમાર્થીઓની બેન્ડ સલામી સાથે શરુ થયો. સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે વર્ષ ૧૯૪૦થી બહેનો માટે ચાલતા સીવણ તાલીમ વર્ગમાં ઉત્તિર્ણ થઇ સ્વરોજગારી માટે ઉત્સુક ૪ બહેનોને સીવણ સંચા અને ૮ પરીક્ષાર્થીઓને પ્રમાણપત્ર અને સીવણ કીટનું વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થી શ્રી હિમેશભાઈ ત્રિવેદી તરફથી ૨ શ્રમિકોને હાથલારીનું વિતરણ કરવામાં આવ્યું હતું.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736




‘વિજઇ વિશ્વ તિરંગા પ્યારા’...ગાન



અધ્યક્ષશ્રીનું અભિવાદન



સિવણ તાલીમાર્થીઓને સહાય



શ્રમિકોને સાધન સહાય



સંસ્થા કાર્યકરોનું અભિવાદન



સંસ્થા કાર્યકરોનું અભિવાદન

આ પ્રસંગે શિશુવિહાર પરિસરમાં ૩૫૦થી વધુ વૃક્ષોનું જતન કરનાર માળી શ્રી પ્રાગજીભાઈ પડાયા તથા સંસ્થા પરિસરની ચોકીદારી કરતા નિષ્ઠાવાન કાર્યકર જેન્તીભાઈ સોલંકીનું સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવેના વરદ હસ્તે વિશેષ અભિવાદન કરાયું હતું.






સાંસ્કૃતિક કાર્યક્રમ




નમતી સાંજે શિશુવિહાર સંસ્થાનાં તાલીમાર્થીઓએ વાલીઓની, દર્શકોની તથા ટ્રસ્ટીઓની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રભક્તિ ઉજાગર કરતા ડાન્સ, ભાતીગળ સમૂહ નૃત્યો તથા બાલમંદિરમાં ચાલતા ૮૧મા અનુભવ વર્ગની બહેનોએ ગરબાની પ્રસ્તુતિ કરી હતી.

આ પ્રસંગે ભાવસાર મહિલા મંડળ ગ્રુપ, વાસુકી કરાઓકે, નટરાજ કલા સંસ્થા, સૂર સંગમ, સૂર સંગીત, કાદરભાઈ શેખ સંગીત ગ્રુપના સાંસ્કૃતિક મંચના કલાકારોએ ૨૨ કૃતિઓ રજૂ કરી હતી. મોડી સાંજે ભોજન સાથે સંપન્ન થયેલ રાષ્ટ્રીય વંદના કાર્યક્રમમાં ૪૦૦થી વધુ નાગરિકોએ હાજર રહીને 'હર ઘર તિરંગા'ની ભાવનાને સાર્થક કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી ભાવનાબહેન પંડયા, શ્રી હરેશભાઈ ભટ્ટ, કમલેશભાઈ વેગડએ કર્યું હતું.



# શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ



## બાળ શિક્ષણ

## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર



જન્માષ્ટમી પર્વની ઉજવણી



રક્ષાબંધન પર્વની ઉજવણી



વૈજ્ઞાનિક પ્રયોગ



તિરંગા યાત્રા

• શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં ઓગસ્ટ માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૬૩ રહી હતી. જેમાં ૪ બાળકો અને શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ તરફથી બાળકોને પોષક નાસ્તો આપવામાં આવેલ. બાળકોમાં સમૂહ ભાવના કેળવવાના હેતુથી શાંતિની રમત, વૈજ્ઞાનિક પ્રયોગ, બાલદેવવન મુલાકાત યોજવામાં આવેલ. વૈજ્ઞાનિક શિક્ષણ અંતર્ગત બિલોરી કાચ, ધ્વનિ પ્રસારણ, પેરાશુટ, ઝૂલતી મીણબત્તી જેવા પ્રયોગ બાળકોને કરી બતાવેલ. માસ દરમિયાન પપેટ્સ પ્રદર્શન યોજેલ. જેમાં બાળકોની સંખ્યા ૫૦ અને વાલીની દર્શક સંખ્યા ૩૫ રહી હતી. તારીખ ૧૪ ઓગસ્ટે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવેલ. સાંપ્રદાયિક સૌહાર્દના સંસ્કાર સિંચન માટે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવેલ. તેમાં બાળકોની સંખ્યા ૫૦ અને વાલીની સંખ્યા ૬૦ રહી હતી. શ્રી મોંઘીબહેન બધેકા

બાલમંદિરના ઉપક્રમે ચાલતા ૮૧મા અનુભવ તાલીમ વર્ગમાં શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા મોન્ટેસરીમાં પશ્ચિમના બાળકેળવણીકારો અને હસ્ત ઉદ્યોગમાં પાન પર મિણીયા રંગ,જાળીકામ, અગરબત્તી વડે કાગળમાં કાણાં પાડવાં, ગણિત ભાષામાં પટ્ટાવાળી સીડી, જોડકણાં, બાળકો માટે પોષક આહાર તૈયાર કરવાની તાલીમ આપવામાં આવેલ.

માસ દરમિયાન સર્વશ્રી મણિલાલ ઠક્કર, વિપુલભાઇ શાહ, પ્રવીણભાઇ ઝવેરી, સરૂપબહેન ધ્રુવ, કલાવતીબહેન શાહ, પ્રીતિબહેન ભટ્ટ, કમલેશભાઇ મોદી, અરુણભાઇ ઝવેરી, બિન્દુબહેન વકીલ, ઇન્દુબહેન શાહ તરફથી બાળકોને ભોજન અને ૧૩ દાતાશ્રી તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**

## આરોગ્ય

## ૪૯૨ તથા ૪૯૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ







• શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૭૫ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઇ. સ્વ.શ્રી સુરેશભાઇ બુચની સ્મૃતિમાં ૪૯૨મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાઇ ગયો, તેમજ શ્રી જૂબેદાબહેન જૈનુદ્દીનભાઇ વલીની સ્મૃતિમાં ૪૯૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૩૦ ઓગસ્ટના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઇ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૭૫ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી ચંદ્રકાન્તાબહેન દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરીસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઇ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૧૭ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે







સાથોસાથ દર્દીઓના ૧૨ સહાયકોને ખાસ બસમાં વીરનગર લઇ જવામાં આવ્યા.

• 'દર્દી દેવોભવ'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઇ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વીરનગરથી પરત લાવનાર શ્રી રાજુભાઇ મકવાણા અને બુધાભાઇની સેવા નોંધનીય રહી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઇ મકવાણા**

## ભાલ વિસ્તારનાં ગામડાંઓમાં આરોગ્ય શિબિર






• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૧૬ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં ભડભીડ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૧૮૬ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ પુસ્તકો તથા બાલ આરોગ્યસૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ






કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ.અભિલાષાબહેન સોનપાલ, ડૉ.નમ્રતાબહેન ઢાપા, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ, શ્રી ગૌતમભાઈ ડાભી તથા નિરમા મેડિકલ ડિપાર્ટમેન્ટના સિનિયર આસિસ્ટન્ટ શ્રી જયદેવભાઈ દવે તથા ગામનાં સરપંચ શ્રી જડીબહેન તથા આચાર્ય શ્રી દિનેશભાઈ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## નિરમા લિમિટેડનાં સૌજન્યથી બાળકોને પોષક આહાર



• ઓગસ્ટ માસમાં ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની ૯ આંગણવાડીનાં કુપોષિત બાળકોને ચાર તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૫૧,૬૦૦



પેકેટ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૨૦૦ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે.

**સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



• ઓગસ્ટ માસમાં નિયમિત રીતે આવતા તાલીમાર્થીની સંખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન પાસિંગ બોલ, ઘડિયાળ કાંટો, લંગડી પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી. સાયં પ્રાર્થના સમયે વિદ્યાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, ગીતો, હર્ષનાદ કર્યા. ચિ. વરેણ્યા સહદેવભાઈ ભટ્ટ તરફથી (હસ્તે શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ) શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે વિદ્યાર્થીઓને તથા સંસ્થા કાર્યકરોને ફરાળી નાસ્તો આપવામાં આવેલ. સંસ્થાના કાર્યકર શ્રી અનીલભાઈ બોરીચાના માતુશ્રી સ્વ. ગૌરીબહેન બોરીચાની પ્રથમ પુણ્ય તિથી તેમજ સંસ્થાના કાર્યકર શ્રી નરસિંહભાઈના જન્મદિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને પોષક આહાર આપવામાં આવેલ. સંસ્થાના પ્રાંગણમાં ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણીમાં તાલિમાર્થીઓએ માર્ચ પાસ્ટ સાથે ધ્વજને સલામી આપી હતી. સાંજના વિદ્યાર્થીઓ, વાલીઓ, ડ્રોપ સંસ્થા, અનુભવ તાલીમ વર્ગ તેમજ સંગીત ગ્રુપ દ્વારા રાષ્ટ્રીય વંદના કાર્યક્રમ

યોજાયો. જેમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને સંસ્થા ક્રિડાંગણની પ્રથમ ટુકડીના વિદ્યાર્થી શ્રી જતિનભાઈ ભટ્ટના વરદ હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવેલ. વાલી અને વિદ્યાર્થીઓ માટેના ભોજન સમારંભ બાદ કાર્યક્રમ સંપન્ન થએલ. સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ભાવનગર જીલ્લાની ત્રિરંગા યાત્રામાં જોડાઈને ક્રિડાંગણનાં તાલીમાર્થીઓએ લેઝિમનું નિર્દશન રજૂ કર્યુ હતું. ઉપરાંત જીલ્લા સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોજીત દેશભક્તિ ગાન કાર્યક્રમમાં પણ સંસ્થાના ૧૨ રોવર તાલીમાર્થીઓ જોડાયા હતા. ગુજરાતનાં જાણીતાં ચિંતક લેખક તથા ગુજરાત સમાચારમાં ડૉ.ની ડાયરી કોલમથી નવી પેઢીના માર્ગદર્શક ડૉ.શ્રી શરદભાઈ ઠાકર શિશુવિહાર સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**

## : સાભાર સ્વિકાર :

- પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનમાં જોડાતા શિશુવિહાર સીવણ તાલીમાર્થી બહેનો દ્વારા ૧,૦૯,૦૨૬ કાપડની થેલી તૈયાર કરવામાં આવી છે. શ્રી મિતુલભાઇ દેસાઇ (મુંબઇ)ના અનન્ય સહકારથી ઓગસ્ટ માસમાં કોઈમ્બતુરથી શ્રી મૂકેશભાઇ પંચમાટિયા તેમજ ભાવનગરથી શ્રી કિશોરભાઈ જોધવાણી દ્વારા વેસ્ટ કાપડની ગાંસડી મળી છે. મહિલા સશક્તિકરણ સાથે જરૂરિયાતમંદ શ્રમિક બહેનોનાં રોજગાર માટે સહાય આપનાર દાતાશ્રીનો શિશુવિહાર આભાર માને છે.
- શ્રાવણ માસ પ્રસંગે શિશુવિહાર સંસ્થાની સ્વચ્છતા તથા કાર્યક્રમ વ્યવસ્થા સાથે જોડાએલ ભાઇ-બહેનોને શ્રી દેવકીબેન ક્ષિતિજભાઈ ત્રિવેદી તરફથી ગણવેશ તેમજ વરેણ્યા સહદેવભાઈ ભટ્ટ તરફથી તાલીમાર્થીઓ તથા કાર્યકરોને માસના પ્રત્યેક શ્રાવણ સોમવાર પ્રસંગે ફરાળી નાસ્તા માટે વ્યવસ્થા મળી છે. સંસ્થા શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ પરિવારનો આભાર માને છે.
- વર્ષાઋતુમાં વૃક્ષના વાવેતર માટેની જાગૃતિ વૃક્ષ ઉછેર સુધી વિસ્તરે તેવા આશયથી શિશુવિહારની નર્સરીમાં કાળજીથી ઉછેરવામાં આવતા ૧૫ ફૂટના વૃક્ષો માટે ૨૫ પ્લાસ્ટિક ડ્રમ આપનાર સુમિટોમો કંપનીનો સંસ્થા આભાર માને છે.

નોંધ : શાળા ક્રિડાંગણો અથવા જાહેર સ્થળોમાં વૃક્ષ ઉછેર માટે જરૂરત હોય તેઓને શિશુવિહાર સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી.
(સંપર્ક : કમલેશ વેગડ- ૯૫૫૮૭૫૭૫૬૩ )





### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ ઓગસ્ટ માસમાં ૪૬૬ દર્દીઓએ સારવાર લીધી હતી, તેમજ ફિટનેસ સેન્ટરમાં ૨ ભાઈઓ તથા ૫ બહેન જોડાયા હતા.

**સંચાલક : ડૉ.ભાવિકાબહેન હરિયાણી**



### વયસ્કો માટે ૩૫૪ મી દ્રષ્ટિચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ઓગસ્ટ માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૧૬૨ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૧૦૧ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

**સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**



### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

ઓગસ્ટ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૯૦ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

**સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી**



### આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ઓગસ્ટ માસ દરમિયાન ૯૫૦ નાગરિકોએ લીધો.

**સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા**



### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ, દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ ઓગસ્ટ માસ દરમિયાન ૩૧૦ દર્દીઓએ લીધો હતો.

**સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ**

### ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દરદીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશયનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬થી૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ઓગસ્ટ માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૫ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

ઓગસ્ટ માસમાં ૨૩૦ વાચક સભ્યોએ ૧૧૦ પુસ્તકો વાચ્યાં હતાં. 'યાત્રા સુખ અને આનંદની',(વિશ્વ વાત્સલ્ય માનવસેવા સંસ્થા-બગસરા), 'ચારણકન્યા' (પ્રવીણભાઈ ઠક્કર), '૮૦ પુસ્તકો'(પ્રવિણભાઈ શાહ), '૧૫૦ પુસ્તકો (રવિભાઈ પરમાર) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વનઃ

ઓગસ્ટ માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૭૫૫ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. આનંદવિહાર હેરા સ્કૂલના ૬૧ બાળકો, નાઈસ ધ પ્રાઈમરી સ્કૂલનાં ૨૨૨ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### ર.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. ઓગસ્ટ માસ દરમિયાન ૩૪૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

### સંગીત વર્ગઃ

ઓગસ્ટ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા



### હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ઓગસ્ટ માસમાં ક્રમાંક ૨૧૩ થી ૨૧૬મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને રાખડી બનાવવી, ચિત્રમાં રંગ પૂરવા, ફિંગર પ્રિન્ટ ડ્રોઈંગ, માટીના ગણપતિ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૧૪૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

**(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)**

ઓગસ્ટ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૭ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને કાપડમાં ફેબ્રિક જ્વેલરી ડીઝાઈનની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ ઓગસ્ટ યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ઓગસ્ટ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૮ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી નૈનેશભાઈ ભટ્ટ તરફથી ફિક્સ વોકર ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

### દિવ્યજીવનઃ

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ



## સ્વ-રોજગારઃ

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા ઓગસ્ટ માસમાં કાપડની ૬૧૦ થેલી તૈયાર થતાં કુલ રૂ.૩૦૫૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૦૯,૦૨૬ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.**

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. ઓગસ્ટ માસ દરમિયાન ૧ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી મીનાબહેન મકવાણા

## પ્રચાર-પ્રસાર



વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ઓગસ્ટ માસમાં ૧૫૫ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓગસ્ટ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામમાં followersની સંખ્યા ૬૩૦ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 25,000.00 | શ્રી પ્રીતિબહેન રવિશંકર ભટ્ટ | શૈક્ષણિક સહાય |
| 21,000.00 | ડૉ. નાનકભાઈ ભટ્ટ | સર્વાંગી સહાય |
| 20,000.00 | શ્રી શબનમબહેન કુતુબભાઈ કપાસી | નેત્રયજ્ઞ સહાય |
| 15,000.00 | શ્રી હિમેશકુમાર વિનોદરાય ત્રિવેદી | મહિલા ઉત્કર્ષ સહાય |
| 11,001.00 | શ્રી સરોજબહેન જશવંતભાઈ શાહ | મહિલા ઉત્કર્ષ સહાય |
| 10,000.00 | શ્રી ઈન્દાબહેન ભટ્ટ | મહિલા ઉત્કર્ષ સહાય |
| 7,700.00 | શ્રી શારદાબહેન હર્ષદરાય પંડયા | પોષક આહાર સહાય |
| 7,300.00 | ફ્રુશેપ પ્રેસીશન કાસ્ટીંગ પ્રા.લી. | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી નટવરલાલ રમણીકલાલ ચાંચડ | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

## બુધસભાઃ



• ૧૯૮૦થી અવિરત ચાલતી બુધસભાની ૨૨૯૯મી બેઠક તા. ૭ ઓગસ્ટે શ્રી વર્ષા જાનીનાં સંચાલનમાં મળી હતી. કાવ્ય આસ્વાદ શ્રેણી અંતર્ગત શ્રી ચેતનાબહેન ગોહેલે આસ્વાદ કરાવ્યો. ઉપરાંત વળાવડ કન્યાવિદ્યાલયનાં શિક્ષિકા શ્રી કસ્તુરબહેન પટેલ લિખિત પુસ્તક 'કાળની પાઠશાળા' નું વિમોચન ડૉ. વિનોદભાઈ જોશીની અધ્યક્ષતામાં થયું. પ્રકાશન, લેખન અને સંકલનમા માર્ગદર્શન આપનાર શ્રી નટવર આહલપરાની (રાજકોટ) ઉપસ્થિતિ રહી હતી. બુધસભામાં ૬૦ સાહિત્યપ્રેમીઓ અને ભાવકો

ઉપસ્થિત રહયા હતા. બીજી બેઠક શ્રી પરેશભાઈ ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ. કવિઓ માટે સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ. જેમાં ૧૭ કવિઓએ ભાગ લીધો. આ બેઠકમાં કુલ ૩૨ કવિઓ ઉપસ્થિત રહયા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ડૉ. નટુભાઈ પંડયા, દ્વિતીય ક્રમે શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદી અને તૃતીય ક્રમે શ્રી મોનાબહેન મહેતાની પસંદગી થઈ હતી. આ પ્રસંગે ડૉ. કિશોરભાઈ વાઘેલા અને શ્રી નાઝીરભાઈ સાવંત નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી સ્પર્ધકોને માર્ગદર્શન પણ આપ્યું હતું. બુધસભાની ૨૩૦૦મી બેઠકની ઉજવણીના ભાગરૂપે ૧૫ ઓગસ્ટે વિદ્યાર્થીઓ માટે કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા કૉલેજના વિદ્યાર્થીઓ માટેના વિભાગમાં ૭૦ થી વધુ સ્પર્ધકોએ વતનપ્રેમ, પર્યાવરણ, વીરતા, નારીશક્તિ પ્રકારે વિષયો પર રજૂઆત કરી હતી. નાગરિકો કાવ્ય પ્રવૃત્તિમાં રસ લેતા થાય, સર્જક તરીકે જીવનનો આનંદ પામી શકે સાથોસાથ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે દેશભક્તિના કાવ્યો દ્વારા રાષ્ટ્રભાવના વ્યક્ત થઈ શકે તે હેતુથી બુધસભા સંચાલક સમિતિના સભ્યશ્રીઓએ સ્પર્ધાઓનું સંચાલન કર્યું હતું. ઓગસ્ટ માસની ત્રીજી બેઠક ડૉ. માનસી ત્રિવેદીના સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત શ્રી પરેશભાઈ ત્રિવેદી અને કવયિત્રી શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદી સાથે રસપ્રદ વાર્તાલાપ થયો. શ્રી પરેશભાઈએ શિક્ષણ અને સાહિત્યનો સંબંધ, અનુભવ, જીજ્ઞાબહેન દ્વારા તેમના ગીત અને ગઝલ વિશેના અનુભવો, બુધસભા દ્વારા તેમના સર્જનમાં ફાળો વિશે રસપ્રદ સંવાદ થયો. ૩૦ ભાવકો અને સાહિત્યપ્રેમીઓ બુધસભામાં હાજર રહયા હતા. ઓગસ્ટ માસની અંતિમ અને ૨૩૦૨મી બેઠકમાં સુ.શ્રી નિલિમાબહેન વ્યાસ દ્વારા શબ્દસ્થ શાયર અને પોતાના પિતાજી સ્વ.શ્રી જટિલ વ્યાસના જીવન કવન વિશે વાતો કરવામાં આવી. બેઠકનાં અધ્યક્ષશ્રી વિનોદભાઈ જોશીએ પણ સ્વર્ગસ્થ કવિના જીવન વિશે યાદગાર સ્મરણો રજૂ કર્યા. કાર્યક્રમ ૪૮ જેટલાં ભાવકો સાથે બુધસભા સુપેરે સંપન્ન થયો. આમ ઓગસ્ટ માસની ચારે બેઠકોમાં ૧૯૨ સાહિત્ય સર્જકો જોડાયા હતા.

● **શિશુવિહાર બુધસભા અને સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા તારીખ ૪ ઓગસ્ટ રવિવારે સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ રાજકોટના મધ્યસ્થખંડમાં કવિ સંમેલન યોજાયું.** ભાવનગરના ૨૮ કવિ કવયિત્રી તથા સાહિત્ય સેતુ રાજકોટના કવિ સંમેલન પ્રસંગે ભાવનગરના કવિશ્રી ડૉ. નટુભાઈ પંડયા, જયંતભાઈ હુંબલ, પરેશભાઈ ત્રિવેદી, જયેશભાઈ ભટ્ટ, દર્શનાબહેન રાવળ, જીજ્ઞાબહેન ત્રિવેદી, નેહાબહેન પુરોહિત, વર્ષાબહેન જાની વગેરેએ ભાગ લઈને સ્વ રચનાઓનું પઠન કર્યું હતું. આ પ્રસંગે રાજકોટ સાહિત્ય સભા તથા શિશુવિહાર બુધસભા દ્વારા કવિ સંમેલનમાં ભાગ લેનાર તમામ સર્જકોનું






સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. ભદ્રાયું વછરાજાની તેમજ શહેરના જાણીતા સાહિત્ય પ્રેમી ઉદ્યોગપતિઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ. બેઠકમાં રાજકોટનાં લોક સેવક તથા ઢોલરા વૃદ્ધાશ્રમના સ્થાપક શ્રી અનુપમભાઈ દોશીનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરમાં પુસ્તકાલય તથા સાહિત્ય પ્રવૃત્તિના વિકાસ માટે ભગીરથ પ્રયાસ કરતા શ્રી અનુપમભાઈ દોશી, નટવરભાઈ આહલપરા તથા તેની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી યોજેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિશુવિહાર સંસ્થાના કાર્યકર્તા ડૉ. માનસીબહેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ભાગરૂપે પ્રથમ કવિ-કવયિત્રીઓ ગોંડલમાં ભૂવનેશ્વરપીઠમાં મુલાકાતે ગયા હતા. આ પ્રસંગે શિશુવિહારના સ્નેહીજન શ્રી ઘનશ્યામ મહારાજનું અભિનંદન કરવામાં આવ્યું હતું.



## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

• શ્રાવણ માસ નિમિત્તે શિશુવિહારમાં હસ્તકલાના વિવિધ નમુનાનું પ્રદર્શન યોજાયું. શિશુવિહાર સીવણ તાલીમ વર્ગની બહેનોએ પ્રદર્શનમાં બાલ કૃષ્ણના વાઘા, આભૂષણ, ગાદી, તકીયા, પંખા, પીછવાઈ તૈયાર કરી વેચાણ અર્થે મૂકયાં હતાં. શ્રી ઈન્દાબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ બહેનોએ નાના મોટા પાઉચ, પર્સ, બટવા, ટેબલ મેટ, કુશન કવર વગેરે તારીખ ૩ થી ૧૦ ઓગસ્ટ દરમ્યાન રજુ કર્યા હતા. ભાવનગરથી બહોળી સંખ્યામાં વૈષ્ણવજનોનો પ્રતિસાદ મળ્યો હતો.

• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત હુશેપ પ્રિસિશન કાસ્ટિંગના કર્મચારીઓની સ્વાસ્થ્ય કાળજી માટે તા.૩ ઓગસ્ટ શનિવારના રોજ દ્રષ્ટિ ચકાસણી કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ટેકિનશ્યન શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા ૧૨૭ કર્મચારીઓની આંખ તપાસ કરી ચશ્મા આપવામાં આવેલ. હુશેપ કંપનીના જી.એમ.એચ.આર. શ્રી શબનમબહેન કપાસીના આયોજન હેઠળ શિશુવિહાર સંસ્થાના કોર્ડિનેટર શ્રી હિનાબહેન ભટ્ટે સંકલન કર્યું હતું.

• ભાવનગરનાં જાણીતાં સ્ટેજ પ્રોગ્રામ ઓર્ગેનાઈઝર શ્રી પ્રવીણભાઈ પટેલ આયોજીત તથા પુનિત અંધારિયા દ્વારા પાશ્વ ગાયક કિશોરકુમારનાં ગીતોની પ્રસ્તુતિ તા. ૪ ઓગસ્ટે શિશુવિહાર રંગમંચ પર યોજાઈ. કાર્યક્રમમાં પુનિત અંધારિયા તેમજ સાથી કલાકારોએ ઉપસ્થિત ૨૫૦ શ્રોતાઓને સંસ્કારપ્રિય મનોરંજન પિરસ્યુ હતું.

• જીલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી ભાવનગરના ઉપક્રમે તારીખ ૮ ઓગસ્ટે નારી વંદના ઉત્સવ યોજાઈ ગયો. ૪૦૦થી વધુ કિશોરીઓને જીલ્લા કચેરી દ્વારા સ્વઆરોગ્ય,સ્વરક્ષણ,પોષક આહાર તેમજ જીવન વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.આ પ્રસંગે શહેરના ધારાસભ્યશ્રી મેયરશ્રી એ ઉપસ્થિત રહીને દીકરીઓને પ્રોત્સાહિત કરી હતી.

• સુમિટોમો પરીવારના તેજસ્વી વિદ્યાર્થી માટે સન્માન કાર્યક્રમનું આયોજન થયું. શિશુવિહાર સંસ્થામાં તારીખ ૧૦ ઓગસ્ટે વનાણીભવનમાં યોજાએલ સમારંભમાં ઉદ્યોગનાં કર્મચારીઓના ૩૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

• શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા ૧૦૬મો સાયકલ વિતરણ કાર્યક્રમ ૧૧ ઓગસ્ટે યોજાઈ ગયો. ભાવનગરના પૂર્વ કમિશ્નર શ્રી એન.યુ. ઉપાધ્યાયની વિશેષ ઉપસ્થિતિમાં ૩૦ વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરવામાં આવેલ.

• શ્રી કેતન આવસત્થીના સંકલન સાથે નટરાજ કલા સંસ્થાનો 'એક સાંજ



આપની સાથે' નો સંગીત કાર્યક્રમ 'તેરા સાથ હે તો'- ભાગ -૮ તા.૧૧ ઓગસ્ટે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો આસ્વાદ માણવા ૪૦૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતાં.

• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલન તળે 'સૂર-સંગમ' સંસ્થાનો સપ્તસુરી સંધ્યાનો ૮૫મો જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ ૧૮ ઓગસ્ટે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતાં.

• ભાવનગરની મોચી જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ ૨૪ ઓગસ્ટે સંસ્થામાં યોજાયો. આ પ્રસંગે મોચી જ્ઞાતિ સંસ્થાના પ્રમુખ મંત્રીશ્રી અને મહેમાનો દ્વારા ૩૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

• રોટરી કલબ ભાવનગર રાઉન્ડ ટાઉન દ્વારા શહેરની કલા સંસ્થા 'કલાક્ષેત્ર'ના સૌજન્યથી તા. ૨૫ ઓગસ્ટે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. જીગર પંડયાનાં નિદર્શનમાં 'કાન્હા રે' કાર્યક્રમ દ્વારા શ્રી કૃષ્ણના બાળપણના પ્રસંગોથી શરુ કરી મહાભારતનાં યુદ્ધ સુધીના પ્રસંગોને ૩૦ બાળાઓએ સ્ટેજ પર રજૂ કર્યા હતા. જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ યોજાએલ કૃષ્ણ જીવનને મ્હાણવા માટે ૨૫૦થી વધુ કલા પ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતાં.



• શિશુવિહાર સંસ્થામાં વિશ્વ વાત્સલ્ય માનવસેવા સંસ્થા દ્વારા સુખ અને આનંદ વિષયક પરિસંવાદ યોજાય ગયો. તા. ૩૧ એ સંસ્થા પરિસરમાં યોજાએલ સમારોહમાં શ્રી વિશાલ ભાદાણીએ કહ્યું કે, ''હાથ પગ હલાવતાં મળે તે સુખ સ્થિર થતાં મળે તે આનંદ છે.'' પોતાની મૂકત

જીવનશૈલીનો ઉલ્લેખ કરી આનંદ અને સુખ માટે વૈશ્વિક વિચારો પ્રકાશનો સાથે તાજેતરમાં દુનિયામાં ચાલતી યુદ્ધ સ્થિતિ અંગે સંવેદના વ્યક્ત કરી હતી. સુખ અને આનંદ વિશે સ્વાનુભવો વ્યક્ત કરતાં પર્યાવરણ નિષ્ણાત શ્રી ઈન્દ્રભાઈ ગઢવીએ વ્યવસાય અને શોખ એક થતાં ભૌતિક સુવિધાથી સુખ મળે છે. પોતાને શોખ પૂરો કરવાની તક મળી તે આનંદ છે તેમ જણાવ્યું. શ્રી નંદકુંવરબા મહિલા વિદ્યાલયનાં શ્રી રવીન્દ્રસિંહ સરવૈયા તેમજ પત્રકાર શ્રી જયેશ દવેએ સુખ અને આનંદ માટે ભૌતિકવાદ સાથે અધ્યાત્મને જોડવાં કહ્યું કે મૂળ સ્વભાવ તો આનંદનો જ. પરિસંવાદમાં શ્રી નિર્મોહીબહેન ભટ્ટે પોતાની કાર્યશૈલી સાથે વાત કરી કે, બધું મળ્યાં પછી બધાં સાથે તાદાત્મ્ય સાધીને જે પ્રાપ્ત થાય તે આનંદ છે. તબીબ શ્રી મહેક મહેતાએ પોતાનાં માતાનાં આલિંગનની અનુભૂતિ સાથે પરિવારને લોહી નહી પરંતુ હૈયાનાં સંબંધની વ્યાખ્યામાં સાંકળી મૂળ તત્વ તરફની યાત્રા એ જ આનંદ ગણાવી.


• ઉપસ્થિત ૨૦૦થી વધુ મહાનુભાવોની શુભેચ્છાથી માનવ જ્યોત સંસ્થા મુંબઈ પ્રકાશિત ‘ગુજરાતનાં વૃદ્ધાશ્રમો’ માર્ગદર્શિકાનું વિમોચન કરવામાં આવ્યું. પરિસંવાદમાં કેન્દ્રમાં રહેલ ‘યાત્રાઃ સુખ અને આનંદની’ નાં લેખક શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર અને શ્રી શ્વેતાબહેન જોષીએ કહ્યું કે, ઈશ્વરનાં સ્ત્રોત આનંદ સૌનાં પર વહેતો રહે તેવી લાગણી છે. આ ઉપક્રમનાં અગ્રણી શ્રી પ્રવીણચંદ્ર ઠક્કરે પોતાનો ૭૮મો જન્મદિવસ શ્રી માનભાઈ ભટ્ટ તેમજ શ્રી મનુભાઈ પંચોળીનાં જન્મદિવસ સાથે જોડાએલાં હોવાનો તેમજ પર્યુષણ પર્વ અંગે આનંદ વ્યક્ત વ્યક્ત કર્યો હતો. શિશુવિહાર સંસ્થાનાં મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટે શિશુવિહારની ભૂમિને નિજાનંદી ગણાવી રાજીપો વ્યક્ત કર્યો. પ્રારંભમાં શ્રી દેવચંદભાઈ સાવલીયાએ સૌ મહાનુભાવોને આવકાર આપ્યો તથા શ્રી કુલિનભાઈ લુઠીયાના સહકાર વિશે માહીતિ આપી. શ્રી પ્રવીણભાઈ ઠક્કરનાં જન્મદિવસ પ્રસંગે શ્રી રાજુભાઈ દવે દ્વારા શુભેચ્છા ભેટ અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નરેન્દ્રભાઈ ધાંધલા દ્વારા થયું હતું. ભોજન સાથે સંપન્ન થએલ સમારોહ સમાજને એક નવી દિશા આપનાર રહયો હતો.

**પુસ્તક પ્રાપ્તી માટે સંપર્કઃ**
શ્રી દેવચંદભાઈ સાવલીયા
વિશ્વવાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ
બાળકેળવણી મંદિર, બગસરા-૩૬૫૪૪૦.
જિ.અમરેલી
સંપર્કઃ ૦૨૭૯૬-૨૨૨૪૭૯, મોઃ ૯૪૨૬૯૬૫૨૩૪






## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી અરૂણભાઈ ભટ્ટઃ**
પ્રખર સ્વાતંત્ર્ય સેનાની શ્રી આત્મારામ ભટ્ટનાં સુપુત્ર શિશુવિહાર સંસ્થાનાં વિદ્યાર્થી શુભેચ્છક અને સર્વોદય વિચારનાં પુરસ્કરતા શ્રી અરૂણભાઈ હવે આપણા વચ્ચે નથી. વિનોબાજીનાં ભુદાન યજ્ઞ થી લઈ સામાજીક સૌહાર્દ માટે આજીવન કરતવ્ય પરાયણ શ્રી અરૂણભાઈને સંસ્થા પરિવાર શ્રદ્ધાંજલી પાઠવે છે.

## શુભેચ્છકો લખે છે

• **પ્રા.ડૉ.ભદ્રાયુ વછરાજાની (ચિંતક, લેખક; રાજકોટ)**

ખરેખર, ખૂબ મજા આવી. આદરણીય અનુપમભાઈ, નટવરભાઈ આહલપરા તથા સમગ્ર ટીમ પરીવારના અમે ઋણી છીએ. આભાર. આદરણીય નાનકભાઈ તથા નિર્મોહીબહેન આપની સંગાથે શિશુવિહાર પરિવારની સાથે આખો દિવસ અતિ મંગલમય રહયો. આપે અનુપમભાઈનું સન્માન કર્યુ તે બહુ જ સ્તુત્ય ગણું છું. એ અમારા રાજકોટ શહેરના નાનક ભટ્ટ છે.

• **શ્રી સતિષભાઈ ત્રિવેદી (નિવૃત શાસનાધિકારી)**

ગઈ કાલે બે વખત શિશુવિહારનાં પ્રાંગણમાં આવવાનું થયું. એટલું બધું ગમ્યું કે, વર્ષો પહેલાનાં દિવસોનું સ્મરણો યાદ આવી ગયું. ખબર નહીં કંઈક તપોભૂમિનો અહેસાસ થયો. આ મારાં દીલમાં જે ઉર્મિઓ વહી તે જ લખ્યું છે. આગળ પાછળનો કોઈ અનુસંધાન નાં લઈએ. પૂજ્ય માનભાઈની યાદ આવી ગઈ.

• **શ્રી મહેશ આત્મારામભાઈ ભટ્ટ (આંબલા)**

શિશુવિહાર સંચાલિત શ્રી ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલયના સંચાલક

શ્રી મંગળસિંહભાઈના માર્ગદર્શનમાં ક્રિડાંગણના સ્કાઉટ મિત્રોએ એક વીર પુરુષ આત્મારામભાઈ ભટ્ટનું જીવનચરિત્ર સાથે મળીને વાચ્યું. ખૂબ જ ઉમદા કાર્ય સૌને દિલથી ધન્યવાદ. નવી પેઢી સ્વાતંત્ર્ય સેનાનીઓની ગૌરવ ગાથા સાથે પરિચિત થાય તે અત્યંત સ્તુત્ય  છે.

**• શ્રી પરેશભાઈ ત્રિવેદી (વરિષ્ઠ કવિ-બુધસભા)**

રાજકોટ સાહિત્ય સેતુ અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ભાવનગરના કવિઓનું કવિ સંમેલન અદ્‌ભુત વાતાવરણમાં સંપન્ન થયું. ભાવનગરથી નીકળ્યા ત્યારે જે પ્રકારની કલ્પના અને અપેક્ષા હતી, તેના કરતાં અનેક ગણું સારૂ માનનીય અનુપમભાઈ અને એમની સમગ્ર ટીમે કરી બતાવ્યું. ભૂવનેશ્વર (ગોંડલ) જવા વહેલા નીકળ્યા હતા અને રાત્રે એક વાગે ભાવનગર પહોંચ્યા છતાં થાકની અનૂભૂતી નથી થઈ તેનું કારણ કાર્યક્રમની ગુણવત્તા અને શિશુવિહારની સંભાળ છે. ડૉ.નાનકભાઈ પણ એક યુવાનની જેમ અમારી સાથે રહીને જે કામ કરી રહયા છે, તેના કારણે અમને બધાને પણ મોટું પ્રોત્સાહન અને બળ મળે છે.

**• ડૉ.નટવરભાઈ પંડ્યા (વરિષ્ઠ કવિ-બુધસભા)**

આદરણીય શ્રી અનુપમભાઈ દોશી, નટવરભાઈ આહલપરા તથા તેની સમગ્ર ટીમ દ્વારા ખુબ સરસ આયોજન થયું. શિશુવિહારનાં પ્રયત્નો થકી મીડીયામાં પણ સરસ રીતે નોંધ લેવાઈ છે. કવિઓને વધારે તો શું જોઈએ? કવિ અને તેનો શબ્દ પોંખાય અને વહેતો થાય તેનો કવિને અદકેરો આનંદ હોય છે. ખૂબ ખૂબ આભાર.

**• શ્રી પંકજભાઈ ચૌહાણ (યુવા કવિઃ વીરનગર)**

હું આભારી છું. શિશુવિહાર સંસ્થા અને બુધસભાનો જેમણે મને પોતાનો, બુધસભાનો અને શિશુવિહારનો ગણ્યો. હું પણ ક્યારેય શિશુવિહાર અને શિવાનંદ મિશન વીરનગરને અલગ સમજતો જ નથી, મારા પર આટલો પ્રેમ રાખી મને યોગ્ય પ્લેટફોર્મ આપવા બદલ અને મારી પ્રતિભાને પાંગરવા પાંખો પૂરી પાડવા બદલ હું આપ સૌનો દિલથી આભારી છું. યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ સાથે સાહિત્ય સંવર્ધનનું કાર્ય કરતા અનુપમભાઈ અને તેમની આખી ટીમ પરિમલભાઈ, જનાર્દનભાઈ, સુધીરભાઈ, પંકજભાઈ વગેરેની નિષ્કામ સાહિત્ય સેવાને સો સો સલામ. આમ તો નટવરભાઈ આહલપરા આપણાં જ કહેવાય એટલે આભાર માનવાની જરૂર નથી. સાહિત્ય ક્ષેત્રમાં હોવાં છતાં જાતને અળગી રાખી બીજા સર્જકોને પ્રોત્સાહિત કરવાનો ગુણ અન્ય સર્જકો માટે શીખવા લાયક છે. સુંદર આયોજન, ઉત્તમ મહેમાનગતિ માટે ‘સાહિત્ય સેતુ રાજકોટ’ અને ‘દીકરાનું ઘર ઢોલરાનો’ પણ ખૂબ ખૂબ આભાર.



**• શ્રી અવિનાશભાઈ વોરા (પૂર્વ વિદ્યાર્થી શિશુવિહાર - દુબઈ)**

શિશુવિહારનાં સ્થાપક પૂજ્ય માનભાઈ અને અન્ય સંચાલકોની વિશે ફેઈસબૂક ટવીટર ઉપર કેટલાંક પ્રસંગો વાયરલ થાય છે. ત્યારે હું અત્યંત ગૌરવ અનુભવું છું. કારણ મારુ ઘડતર જયદેવભાઈ, જયમલભાઈ, માનભાઈ દ્વારા થયું છે. આજે પણ હું સરસ જીવી શકું છું તેનું ગૌરવ છે.

**• શ્રી જયશ્રીબહેન દેવચંદભાઈ સાવલીયા**
**(ઉપાધ્યક્ષ વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ - બગસરા)**

માતૃશક્તિને ઉજાગર કરવા, મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિને વેગ આપવા તથા કન્યા કેળવણીની સેવાકીય કામગીરીને સતત પ્રોત્સાહિત કરવા માટે શિશુવિહારનું અનોખું યોગદાન રહે છે. મહિલા વિકાસની પ્રવૃત્તિઓના આપ સાચા માર્ગદર્શક અને સહયોગી બની રહયા છો. પરિણામે અમો મહિલા વિકાસ ક્ષેત્રે અને સ્લમ વિસ્તારની દીકરીઓનાં જીવન ઘડતર માટે વિવિધ પ્રકલ્પો સરસ રીતે ચલાવી શકીયે છીએ તેનો આનંદ વ્યક્ત કરૂં છું.

**• શ્રી જયદીપભાઈ માળીયા (જૂનાગઢ)**

સાહિત્ય સેતુ રાજકોટ અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે આયોજિત કવિ સંમેલનમાં મને મારી ગઝલ પઠન કરવાનો અવસર મળ્યો એ ક્ષણ મારા જીવનમાં ખરેખર આનંદ આપનારી હતી. અનુપમભાઈ, નટવરભાઈ અને એમની આખી ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી છે. દિલથી સલામ. શિશુવિહાર પ્રત્યે હંમેશા પોતીકા પણા ની લાગણી રહી છે. શિશુવિહારનાં વિચારોને, કાર્યશૈલીને દિલથી વંદન છે. ઉભરતી કલાને પ્રોત્સાહન મળે એનાથી વિશેષ શું હોય? મને પોતીકાપણાની આ તક આપવા બદલ આભાર.

**• શ્રી મયૂરભાઈ શ્રીધરાણી (મુંબઈ)**

પૂજ્ય આદરણીય માનભાઈની ૧૧૬મી જન્મજયંતિએ આનંદ અને ગર્વ. તેઓ એક મહાન કર્મયોગી અને તપસ્વીનું જીવન જીવીને અન્યોને પ્રેરણાં આપતાં ગયા. તેઓની પુણ્યાઈનું ભાથું આજે આપ સર્વને તેઓનાં કાર્યોને આગળ લઈ જવા બળ પુરું પાડે છે. એ મહાન પુણ્યાત્માને કોટી કોટી વંદન.

**• શ્રી અનિતાબહેન આચાર્ય  (સભ્ય શિશુવિહાર પુસ્તકાલય )**

મુલાકાતી વ્યાખ્યાતા તરીકે શામળદાસ આર્ટસ કોલેજમાં ફરજ બજાવી રહી છું. પુસ્તકાલયને માનવજીવનનું અભિન્ન અંગ ગણીયે તો જે સ્થાનનું પુસ્તકાલય સમૃદ્ધ હોય ત્યાની પ્રજા પણ સમૃદ્ધ થવાની. પૂસ્તકાલયથી સશક્ત સંસ્કૃતિનું સર્જન થાય છે. શિશુવિહારનું પુસ્તકાલય મારાં સંશોધનોમાં કારગત નિવડ્યું છે. હું મનુભાઈ પંચોળી વિશે સંશોધન

કરી રહી છું અને પ્રસ્તુત પુસ્તકાલય પણ ગાંધી પરંપરાના અખંડ દીપકના પ્રકાશથી પ્રજ્વલિત હોવાથી મારા સંશોધન માટે સમૃદ્ધ બન્યું છે.

**• રફતબેન લાખાણી (દરદી હોમિયોપેથી કેન્દ્ર)**

મને ૩-૪ વર્ષથી સ્કીન પ્રોબ્લેમ હતો. હું જીવનથી કંટાળી હતી. પરંતુ શિશુવિહારમાં ચાલતા હોમિયોપેથી કેન્દ્રના ડોક્ટર શ્રી અભિલાષાબહેન સોનપાલની સારવારથી એકદમ સારૂ રીઝલ્ટ મળ્યું છે. હું ડીપ્રેશનમાંથી બહાર આવી છું. હું કેન્દ્રનો આભાર માનું છું તથા આ પ્રકારનું દર્દ ધરાવતા લોકોને શિશુવિહાર કેન્દ્ર ઉપર આવવા આગ્રહ કરૂં છું.

**• શ્રી અભયકુમાર ઘાંઘલ્યા (ભાવનગર)**

શિશુવિહાર સંસ્થા દ્વારા કરવામાં આવતી દર્દી સાધન સહાય જન ઉપયોગી છે. અમને થોડા સમય માટે પણ જરૂરી સાધન મળી રહે છે તેથી ખરેખર આનંદ છે. મેડીકલ આઇટમનો વિભાગ સંભાળનાર વિભાગથી અમને સારી સેવા પ્રદાન કરી છે. શિશુવિહાર સંસ્થા નો હૃદયપૂર્વક આભાર.

### : નમ્ર વિનંતી :

શિશુવિહાર સંસ્થા દ્વારા ૧૪ વર્ષોથી શહેરની ૩૧૪ આંગણવાડીની સંચાલક બહેનોને ફર્સ્ટ એઇડની તાલીમ આપી ફર્સ્ટ એઇડ બોક્સ આપાયાં. તે પછી પ્રત્યેકને ૫ પપેટ્સ તેમજ ફળ,ફૂલ, સારી રીતભાતની ઓળખ આપતા ૧૦-૧૦ પોસ્ટર, બાળગીતોની પુસ્તિકા અને સી.ડી. તેમજ તમામ આંગણવાડીઓને સંગીતના ૧ ઢોલક, ૧ ખંજરી, ૨ મંજીરાની પેર પ્રકારેનાં સાધનો આપેલ છે. આ વર્ષે ૨૦૦ બાળકોને આપના તરફથી શૈક્ષણિક સાધન આપીશું અને સહુને સર્વપિતૃ શ્રાદ્ધ પ્રસંગે જમાડીશું.

આ કાર્યક્રમ માટે ગત વર્ષ માફક રૂપિયા ૨૫૦૦/-ડ નો આર્થિક સહયોગ આપવા વિનંતી છે. આપશ્રી સંસ્થાના નેટબેંકિંગ એકાઉન્ટ નંબર (SBI) : 32899173982 A/C SBI IFC CODE SBI N0060009. ઉપર RTGS કરી શકશો અને કાર્યક્રમ સંયોજક શ્રી હીનાબહેન ભટ્ટ (સંપર્ક નંબર :- 9824515995 ) ને વોટસએપ ફોનથી જાણ કરશોજી.

કાર્યક્રમ અંતર્ગત આગામી તારીખ ૧ ઓક્ટોબર મંગળવારે સવારે ૧૦:૩૦ કલાકે શિશુવિહાર પધારવા તથા સાથે ભોજન લેવા નિમંત્રણ છે.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: **'શિશુવિહાર'**
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar | Shishuvihar Bhavnagar
Shishuvihar | Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઇન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199